Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

–: નોટિસ :–

એકેડેમિક કાઉન્સિલની સભા **મંગળવાર,તા.૧૨/૧૦/૨૦૨૧** નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે Social Distancing નું પાલન થાય તે રીતે ઓફલાઈન/ઓનલાઈન યુનિવર્સિટી કાર્યાલયના રૂમ નં. ૨૦૫માં મળશે. જેમાં ઓફલાઈન/ઓનલાઈન ઉપસ્થિત રહેવાની અનુકૂળતા કરવા વિનંતી.

–: કાર્યસૂચિ :–

(૧) એકેડેમિક કાઉન્સિલની તા.૨૫/૦૯/૨૦૨૧ ની સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.
(નોંધ :– **એકેડેમિક કાઉન્સિલની તા.૨૫/૦૯/૨૦૨૧ની સભાની કાર્યવાહી ઈ–મેલ દ્વારા સભ્યશ્રીઓને મોકલી આપવામાં આવેલ હતી.)**

(૨) Second Year M.B.B.S.ની પરીક્ષા બાબતે ચર્ચા કરતા Para-clinical વિષયની અભ્યાસસમિતિની તા.૨૭/૦૯/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૧ થી નીચે મુજબ ભલામણ કરેલ છે જે તબીબી વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ સ્વીકારી વિદ્યાશાખાવતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ છે. જે અંગે વિચારણા કરવા બાબત.

Para-clinical વિષયની અભ્યાસસમિતિની તા.૨૭/૦૯/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૧

:: આથી ઠરાવવામાં આવે છે કે, હાલમાં ૨૦૧૯–૨૦ ની બેચ(CBME) સાથે પાસ થયેલા જુના કોર્ષનાં તમામ વિદ્યાર્થીઓએ IInd MBBS ની પરીક્ષા નવા કોર્ષ (CBME) મુજબ આપવાની રહેશે. તથા IInd MBBS ૨૦૨૧ ઓગસ્ટ માં નાપાસ થયેલા જુના કોર્ષનાં વિદ્યાર્થીઓ માટે જુના કોર્ષ મુજબ પરીક્ષા આપવાનો છેલ્લો ચાન્સ રહેશે. જેની નોંધ લેવી. ત્યાર બાદ તેમણે New Course મુજબ આગળની પરીક્ષા આપવાની રહેશે. જે અંગે તબીબી વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

(એકેડેમિક વિભાગ)

(૩) IInd MBBS ની New Course (CBME) મુજબ ઈન્ટર્નલ થીયરી અને પ્રેકટીકલ બાબતે ચર્ચા કરતા Para-clinical વિષયની અભ્યાસસમિતિની તા.૨૭/૦૯/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨ થી નીચે મુજબ ભલામણ કરેલ છે જે તબીબી વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ સ્વીકારી વિદ્યાશાખાવતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ છે. જે અંગે વિચારણા કરવા બાબત.

Para-clinical વિષયની અભ્યાસસમિતિની તા.૨૭/૦૯/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨

૨. આથી ઠરાવવામાં આવે છે કે, II[nd] MBBS ની New Course (CBME) મુજબ ઈન્ટર્નલ થીયરી અને પ્રેકટીકલ માં ૫૦% એલીજીબીલીટી માકર્સ લાવવા માટે માત્ર એકજ રેમેડીયલ પરીક્ષા લેવામાં આવશે. જે અંગે તબીબી વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

(એકેડેમિક વિભાગ)

(૪) સાયન્સ ફેકલ્ટીનાં કેમેસ્ટ્રી વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા રમ્બિ રાજચંદ્ર વિદ્યાપીઠ, વલસાડ ના આસિ. પ્રોફેસરશ્રી **ડૉ.બળવંતસિંહ લબાના** ને પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

(૧) ડૉ.વૈશાલી શિન્દે,પ્રોફેસર ,ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી ,સાવિત્રીબાઈ ફુલે પુને યુનિવર્સિટી, પુના નો અહેવાલ હકારાત્મક છે.

(૨) ડૉ.ડી.કે.રાવલ, પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી , એસ.પી. યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરનો અહેવાલ હકારાત્મક છે.

(૩) માનનીય કુલપતિશ્રી એ BUT વતી અહેવાલોનો સ્વીકાર કરી AC ને ભલામણ કરેલ છે.

BUT ની તા.૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧

- આથી ઠરાવવામાં આવે છે કે સાયન્સ ફેકલ્ટીનાં ઝૂલોજી વિષયમાં પીએચ.ડી.નાં માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા યુનિવર્સિટી કેમ્પસમાં ચાલતા એમ.એસ.સી.–બાયોટેકનોલોજી (સ્વનિર્ભર અભ્યાસક્રમ) ના વ્યાખ્યાતા ડૉ.પ્રીતી શર્માની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સનો અહેવાલ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નીમાયેલ બે નિર્ણાયકોના (ડૉ.અશોક કુમાર– યુનિવર્સિટી ઓફ રાજસ્થાન, જયપુર અને ડૉ. એમ.વી.રાવ– ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) હકારાત્મક અહેવાલનો સ્વીકાર કરી માર્ગદર્શક શિક્ષકની માન્યતા આપવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

  વધુમાં ઠરાવવામાં આવે છે કે, હવે પછીથી તમામ કેસોમાં જો બંને રેફરીના અહેવાલો હકારાત્મક હોય તો મંજૂરીની સતા માનનીય કુલપતિશ્રીને આપવી અને બી.યુ.ટી. રજૂ કરવું નહી.

(અનુસ્નાતક વિભાગ)

(૫) કેન્દ્ર સરકાર દ્વારા તા.૦૫–૦૭–૨૦૨૧ના રોજ INDIAN NURSING COUNCILના (Indian Nursing Council (Revised Regulations and Curriculum for B.Sc. (Nursing) Program), Regulations, 2020 નું ગેઝેટ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેનો અમલ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(બિડાણ : ૧)
(સિન્ડિકેટ વિભાગ)

(૬) અધ્યક્ષશ્રીની મંજૂરીથી જે બાબત રજૂ થાય તે.

ક્રમાંક : એ/એ.કા./કા.સૂ./૧૫૧૭૦/૨૦૨૧
તા.૦૫/૧૦/૨૦૨૧

ઈ.ચા.કુલસચિવ

પ્રતિ,

એકેડેમિક કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ....